# શબ્દમાં મૌન
# મૌનમાં શબ્દ
## શબ્દમૌનનો સાક્ષાત્કાર

**2022**

## ક્યાં છે ગાંધી – ગાંધી?

અંદર આંધી, બહાર આંધીઃ
એ આંધી પી જાય પ્રેમથી
એવા સાગરપેટા
અગસ્ત્ય મુનિ સરખા,
દરિયા જેવા દિલના
ક્યાં છે ગાંધી – ગાંધી?

કૌભાંડોના કૂંડાળામાં કેટકેટલા ઘૂમતા!
દારૂ પી ઉંદરડા કેવા મસ્તાના થઈ ઝૂમતા!
ફરે ફુલારે કંઈક વળ લઈ માથે છોગાં-ફૂમતાં!
એ સૌનાથી આભ ફાટતું જે દે સ્નેહે સાંધી,
એવા અવ્વલ કસબી,
ક્યાં છે ગાંધી – ગાંધી?

ક્યાં સુધી આ દરિયા વેઠે આંસુ તપ્ત નયનનાં?
ક્યાં સુધી આ પ્હાડો સાંખે પથ્થર મીંઢા મનના?
ગંદવાડમાં કેમ પડે છે પગલાં લોકચરણનાં?
શાતા-સુખની કળા હોંશથી સૌને દે જે સાધી,
એવા સાધક ઇલમી,
ક્યાં છે ગાંધી – ગાંધી?

*18-1-2016*

## અંદર ઊંડે ઊંડે જ્યારે ઊતર્યો...

અંદર ઊંડે ઊંડે જ્યારે ઊતર્યો,
સમજ્યો મારું સાચું કયું સ્વરાજ!
અંદરથી કો અવાજ જ્યારે ઊઠ્યો,
મૂળ સાથે શો મેળ, એનો ખરો મળ્યો અંદાજ!

ચિદાકાશના તારાઓ-શા ચમક્યા જ્યારે સૂર,
એની સાથે સાજ મેળવી બેઠો શ્રવણાતુર;
સુણી ત્યારે ઘટે ઘૂંટાતી ગુંજઃ
લયની લ્હેરે નિજની ઝૂમી કુંજઃ
પંચતત્ત્વની તાલે બજતી પંડ મહીં પખવાજ!

શબદ સૂરમાં, સૂર મૌનમાં, મૌન સરે સુરતામાં;
સુરતાએ તો પરમ શાંતિનો સ છેડ્યો સમતામાં!
શ્વાસે શ્વાસે ગહન ગેબનો સ્પંદઃ
ભીતરની ભરતીનો છાલક-છંદઃ
નાદબ્રહ્મનું અંતર્નાદે સહજ ઊઘડતું રાઝ!

*19-9-2020*

## આગળ પાછળ ભલે ચલો, પણ

આગળ પાછળ ભલે ચલો,
પણ અંદર મૂળમાં રહો!
સૌના કાંઠા ભલે ભીંજવો,
ભીતરમાં થઈ વહો!
મને બોલવું કશું ન સૂઝે,
ભાર મૌનનો સહું;
હળવું-મળવું કેમ ન ફાવે,
એકલમૂંડો રહું!
હરખહૂંફાળા હરફ હવાના
હૈયે હેતે કહો!
ઊંચે ડુંગર નથી ચડાતું,
દરિયે નથી તરાતું;
આસમાનમાં ગમે ઊડવું,
પંખી નથી થવાતું!
અંદર આવી હવે ઘુમાવો,
મારા ઘરના ગ્રહો!

*19-5-2015*
*23-7-2015*

## આ ઠંડીએ ગુલાબ વેર્યાં

આ ઠંડીએ ગુલાબ વેર્યાં
ગાલ બાલના લાલ!
થરથરતાં ઘેટાંયે માગેઃ
'અમને આપો શાલ!"
ઠંડીથી આ શરીર, ઘર ને
ધ્રૂજે આખું ગામ;
મુઠ્ઠી વાળી પવન દોડતોઃ
ક્યાં ઠરવાનું ઠામ?

ગગન-ધરાને વસમું લાગે શ્વેત બરફનું વ્હાલ!

સૂરજને પણ આ ઠંડીએ
સગડી સરખો કીધો;
હૂંફ મળી તડકાની એવી,
ગરમ મસાલો પીધો!

ઠંડી એવી લસરે થીના ઘીનો પામી ઢાળ!

આ ઠંડીએ સ્પર્શ—સુખની
માયા બહુ વિસ્તારી;
ફરી ફરીને ગમે ભેટવું
એવી ભીંસ વધારી!
હિમાલયે શિવ-નયન ઊઘડે, કરશે કઈ કમાલ?

## ધરુ-ચરુ

આ ધરતીનાં ધરુઃ
લહું એમને અંતર લસતા આકાશી ચર-ચરુ.

આ ધરતીની માટી મઘમઘ વીજ-વાદળને વ્હાલ;
સાત રંગની છોળે જલમાં સૂરજ કરે કમાલ!
ગગન ધરાને ચૂમતાં જોતો ફૂલ ફૂલમાં ફરું.

નભગંગાથી ભીનીભીની ધન્ય ધરાની ધૂળ;
વિરાટ વડની ઝળહળ માયા, ગહન ગેબમાં મૂળ!
બાલકૃષ્ણનું વડના પાને ભીતરમાં રૂપ ભરું!

ધરુ ધરુમાં ધરતીના ધાવણનો તેજવિશેષ;
ચરુ ચરુમાં દૈવતનો શો મધુમય રમ્ય પ્રવેશ!
વસંત-વર્ષાના સિંચનથી પુલકિત શો વિસ્તરું!

*14-8-2021*

## તેમ હું ચગ્યો!

આમ જુઓ તો સદા સાથ ને આમ જુઓ તો અળગો!
આઘોપાછો થવા છતાંયે તને રહું છું વળગ્યો! –

તારી માટી, તેં એમાંથી મારો ઘડો બનાવ્યો;
મીઠા જળથી ભર્યો છતાં ના કોઈ પિયાસી આવ્યો!
ઘનમાં રહી ના વરસે તું તો, રહે વીજમાં સળગ્યો! –

તારી લઈને હવા શ્વાસની સરગમ મારી ચાલે;
મારી ફૂલવાડીમાં તારી મ્હેક મદીલી મ્હાલે!
દોર હાથમાં તારા; ચાહે જેમ, તેમ હું ચગ્યો! –

*3-12-2016*

## તારા ખોળે ઠરું

આસપાસ છે ટોળેટોળાં,
તારા ખોળે ઠરું!
તોફાની તલવારો આડે
તને ઢાલ હું કરું!
કેટકેટલા ભૂકંપ આવે,
ગગન લઈ ઘર પડે!
જળથળ જ્યારે ઊથલે પૂથલે
પુર પોતાનાં નડે!
તારા ઘરમાં તારા ગોખે
દીપ મૂકવા ફરું!
વસમા વાતા પવન, દિશાઓ
અંધ થઈને દમે!
માળે એક બચ્ચા બચ્ચાને
સાચવવા મન ભમે!
કંકરને કર શંકર. તારે ચરણે એને ધરું!

*28-11-2013*
*20-2-2015*

## મળવું છે... મળવું છે...

આસમાનની અટારીએથી મોતી જે વરસાવે,
આ ધરતીના રોમે રોમે લીલપ જે લ્હેરાવે,
સાત રંગનાં મોરપિચ્છ જે અવકાશે ચીતરાવે,
એ જલકન્યાને મારે તો મન મૂકી મળવું છે;
મળવું છે... મળવું છે...

ઝરણાનાં ઝાંઝર પ્હેરી જે ડુંગર ડુંગર નાચે,
પોતાના ચહેરાની ચમકે નદી-નવાણે રાચે,
ધોધે દેતી ધૂબકા, લસતી ધૂપ-છાંવને કાચે!
એ જલકન્યાને મારે તો મન મૂકી મળવું છે;
મળવું છે... મળવું છે...

સરમાં સરતી, મોજે મોજે જે દરિયે ઊછળતી,
વાદળ વાદળ ભમતી રમતી વીજ-વળાંકે વળતી;
નવા રસે જે હરીભરીને ધરતી-હૈયે ઢળતી,
એ જલકન્યાને મારે તો મન મૂકી મળવું છે;
મળવું છે... મળવું છે...

*4-8-2016*

## હરિ, નિહાળું નૂર!

આંખે આંખે તારા મુખનું હરિ, નિહાળું નૂર!
તને સાંભળું સપ્ત સૂરના ગુંજન મહીં મધુર!

ફૂલ-પાંદમાં, ધૂપ-છાંવમાં ફરફર તારાં ચીર;
કમલપગ લિયે દલ દલ સરકે લઈને શાંત સમીર!
લહરે લહરે મહેકે તારી કાયા તણું કપૂર!

સાયર સાયર અસીમ તારો ઊછળી રહેતો છંદ;
વરસે તારી કરુણા અનહદ, એનો મીઠો સ્પંદ!
તારી સર્જકતાના ફણગે માટીમાં અંકુર!

તારી આગળ દિવસ પનોતો, તારી પાછળ રાત,
અહો! સમયની તારી રૂડી જીવતર મહીં બિછાત!
મારા ઘટની ગંગા-જમના, એમાં તારું પૂર!

## ઊંડો ઊંડો દરિયો

ઊંડો ઊંડો દરિયો, જાલિમ એની જાળ;
મગરમચ્છ શાં મોજાં, કાતિલ એમાં કાળ.

એનાં ખારાં પાણી ધરતીની આંખોનાં;
ડૂમો છૂટ્યા જેવા ઘુઘવાટ ખડકોનાં;
વિષમયતાને રોકી શકશે દરિયે તાંડવ-તાલ? –

ઊંડાણમાં જ્યાં મોતી, ત્યાં વડવાનલ શાને?
મરજીવા પર ક્યારે વ્હાલ થશે દરિયાને?
શમે ન દરિયે મંથન, એનો શું દેવાનો ખ્યાલ? –

*03-02-2021*

## એવી દષ્ટે દેખ –

એવી દષ્ટે દેખ, હૃદયમાં દીવા દીવા થાય!
એવું મીઠું બોલ, ભીતરે વાંસ વાંસળી થાય!
પંથ પધારી ભલે કહે કે
"પાડ પનોતાં પગલાં!"
પવન ભલે પાથરતો આવી
ફૂલ ફૂલના ઢગલા!
એ રીતે પ્રિય પરશ, રોમમાં રેશમ સમું વણાય! –
એ રીતે તું વરસ, રેતકણ મુક્તકરસે રસાય! –
દિવસ કહેઃ 'તું તડકે ખીલી
કર ધરતી સોનાની!"
રાત કહેઃ 'તું ઓઢ કામળી
રાધાવર રસિયાની!"
પિંડે ભર તું પૂરણ એવું, ગળપણ ગળે ઘૂંટાય!
અંદર કર તું ઉઘાડ એવો, અજબગજબ ઊભરાય!

*08-01-20215*
*20-02-2015*

## એક મને ગોઠે છે તારી સાથ!

એક મને ગોઠે છે તારી સાથ!
સદા જોઈએ તારો મારા હાથ મહીં બસ, હાથ!

ભલે હોય રસ્તા ખરબચડા,
કાંટાળા ને કાઠા;
તારા સથવારે મીઠા એ,
નહીં લાગશે માઠા!
દવ છો તારા ડુંગરિયા પર,
ભરવી એને બાથ!
અંધકાર તો કેમ ટકે?
છે દીવો તારો પાસે;
એમ લાગતું તું ચાહે છે
ત્યાં જ હવે પહોંચાશે!
હરદમ મારી અંદર, ક્યાંથી
એકલ રહું અનાથ?

*07-07-2020*

## ભલું રમાય ક્રિકેટ

કદીક હું તો દડો ઊછળ્યો, કદીક જાણે બૅટ!
કોઈ રીતે રમવાનું મારે, ઊંચી રાખી હૅટ!

દડો ફેંકનારો – રમનારો
– બંને મારી અંદર;
ફટકે ફટકે રન લેવાના
ચાલે દાવ નિરંતર!
હારજીતની પરવા કોને? ભલું રમાય ક્રિકેટ!

એ જ હશે કપ્તાન, ઉતાર્યો
જેણે મને રમતમાં,
દસ દસ ફિલ્ડર મારી ફરતે
લેવા દડો ઝપટમાં!
દડે દડે રન થાય એમ બસ, થવું રમતમાં સેટ!

*02-01-2021*
*10-01-2012*

## ક્યારે કરશો બાદ જાતને?

ક્યારે કરશો બાદ જાતને, ક્યારે કરશો બાદ?
મનજી, ક્યારે સાદ સુણશો? – દિલના સતનો સાદ?
કાટમાલ આ કરવાનો શું?
નથી હવેલી બનતી;
જમા થયું તે કામ ન આવ્યું,
ખોટ ચોપડે ચઢતી!
ફૂલ-ફુલારા છોડી સાધો મૂળ સાથે સંવાદ! –
મુઠ્ઠીમાં જે જકડી રાખો,
એ જ પંડને પાડે!
ભયે ભાગતાં આવે મનજી,
નિજ પડછાયો આડે!
ક્યારે શમશે રઝળપાટ ને અકળામણ – ઉન્માદ? –
ખાતર તો નહીં થયું, ઉકરડા
એમ જ વધતા ચાલ્યા!
આંખ, કાન ને નાક ભણી કાં
કચરા-કૂડા વાળ્યા?
મનજી, ક્યારે થશો પ્રફુલ્લિત પામી પરમ પ્રસાદ? –

## ક્યારે મારાં તાળાં તોડી...

ક્યારે મારાં તાળાં તોડી, છોડશે તું બંધ?
ક્યારે મારા ઠીક થશે તાર બધા તંગ?

આખો દી જો ઘૂમું-ભમું, મૂઠી માંડ પામું;
ઘરે આવી ખડો રહું તારા ગોખ સામું;

તું ના ફોડ પાડી કહે – રાય છું કે રંક?
કમળનો જીવ મારો, ક્યારે જશે પંક?

ખડકો ને ખીણોમાં ઠેબાતો દડું – પડું;
કોઈ રીતે તારી કને આવી ચડું – અડું;

તું તો જોજે દીવો મારો થાય નહીં અંધ;
આપણો અસલનો પ્રગટ હો સંબંધ!

*27-02-2017*

## ખબર નથી

ક્યાંથી આવ્યા? ક્યાં પ્હોંચીશું? ખબર નથી;
થયું કેટલું? થશે કેટલું? ખબર નથી.

લેણદેણ તો અનેક સાથે થયા કરી;
રહેશે છેવટ સિલક મહીં શું? ખબર નથી.

ભરતી-ઓટે ચડે-પડે જળ દરિયાનાં;
ઠરીઠામ એ થશે કદી શું? ખબર નથી.

પાનફૂલફળ એમ ઘણુંયે ખરી જતાં,
મૂળિયે ર્‌હેશે મતલબનું શું? ખબર નથી.

આમતેમથી જે કંઈ લાધ્યું કર્યું જમા;
તળિયું ખાલીખમ છે શાનું? ખબર નથી.

ચોર્યાશીના ચક્કરમાં બહુ ફર્યા-ચર્યા;
ઠરવા-થાણું હશે ક્યાંક શું? ખબર નથી.

*28-02-2017*
*18-08-2017*

## ખારા જલમાં હરું-ફરું ને તરું

ખારા જલમાં સદાય હું તો હરું-ફરું ને તરું;
મારો ચોકો સાચવવાની ફિકર લેશ નહીં કરું. –

સુખના છાંટાપાણી માટે મારે નથી રખડવું;
વાડ, વંડી ને વાડા બાંધી નથી કોઈને નડવું;
વડવાનલની વચ્ચે હું તો ખારા જલથી ઠરું. –

મધ કરતાંયે મધમાખીના ડંખ મને ઉત્તેજે;
કાંટા-કંકર-ઠોકર લાગે, નહીં જ અટકું સ્હેજે!

ખારા જલથી કેમ કરીને તરસ કોઈની હરું? –

## ક્યારે?

ઘર, શેરી ને ગામ, નગર-સૌ ખૂલશે ક્યારે?
બંધ બધું કરવાનું તાળાં ભૂલશે ક્યારે?

ભીંતો બારી ખોલી નભને જોશે ક્યારે?
શિવમયતા વિષમયતા પૂરી ધોશે ક્યારે?

ચબૂતરાને કલરવ-પાંખો ફૂટશે ક્યારે?
રસ્તાઓની અદબ-પલાંઠી છૂટશે ક્યારે?

ઉંબર થાય ન ડુંગર-ઘર એ કરશે ક્યારે?
હવા થવા હરિયાળી બાગે ફરશે ક્યારે?

જીવ રમતના કલબલતા સૌ રમશે ક્યારે?
એકે એકે મળવું સૌને ગમશે ક્યારે?

દુનિયાને દોડી બથમાં લેવાશે ક્યારે?
કાન મહીં કહેવા જેવું કહેવાશે ક્યારે?

વગર બેડીએ બાંધ્યા પગ ભરશે ક્યારે?
ખુલ્લં ખુલ્લા મન મેળે ઝરમરશે ક્યારે?[1]

*29-05-2021*

*1. કોરોનાના સંદર્ભમાં થયેલી રચના*

me on 447, onle
ading change

શે?
ડશે?
ો ખાંચો.
.?
ા?
ાંચો?
ટકશે?
યશે?
સાંચો?

## ઘટનાં ગોરસ ધરું!

જીવ ભલે માટીનો હું તો ફોરમ સાથે ફરું!
મળી મને જે હોડી તે લઈ મધદરિયે હું તરું!

પાંખ નથી ને તોય ઊડવા ગગન કરે પડકાર;
વાદળ કહે છેઃ 'આવ, આવ, ના કર વીજની દરકાર;'
હવા જેમ થઈ હળવો એમ જ સૂર શબદમાં સરું...

નવ લખ તારા કહે આંખનેઃ 'રાતે અમને દેખ,
કેવાં ચમકે સોનલ સપનાં નીંદરને પટ પેખ!'
અંધકાર સોંસરવો નીસરી ઉઘાડ ભીતર ભરું!

ડુંગર કહે ઉંબરનેઃ 'મેળવ મારી સાથે પ્રાસ!'
ઘર કહેઃ 'ભીંતો હોય નહીં તો મારો થાય વિકાસ!'
વાટે-ઘાટે સૌની આગળ ઘટનાં ગોરસ ધરું –

*17-07-2016*

## તે રહી શકે શું સાચો?

જે અંદરથી કાચો
તે રહી શકે શું સાચો?

કાચી દૃષ્ટિ ગગન ખોલતી બારીને શું કરશે?
ઊંડે ઊઠતા અવાજ તે શું કાચા કાને પડશે?
કેમ અસલના ઘરે પ્હોંચવું? નડે નકલિયો ખાંચો.

સાઠગાંઠ ને સાટાપેટાં ત્યાં શેની સધ્ધરતા?
પડછાયા પડઘાએ પોષી કેમ સદે પામરતા?
હવા અડકતાં તૂટી પડે એ શું કરવાનો ઢાંચો?

૦૮-૦૯-૨૦૨૧
મીઠા જળની માછલડી તે ખારા જળમાં ટકશે?
બંજર ભોમે બીજનું દૈવત કેમ કરીને બચશે?
કળબળે કંઈ થાય નહીં એ કયા કામનો સાંચો?

*08-09-2021*

## જ્યારે જ્યારે શુભ થાય છે...

જ્યારે જ્યારે શુભ થાય છે, સ્પર્શે છે સુન્દરતા!
જ્યારે જ્યારે વ્હાલ વહે છે, વરસે છે વિભુમયતા! –

ભૂખદુઃખ નહીં, તરસ-તાપ નહીં, રોગ-દોગ નહીં લેશ;
નહીં વાડ, નહીં બંધન-બાધા, નહીં ઠોકર કે ઠેસ;
જ્યારે જ્યારે મળે અંધને પ્રકાશમયતા,
જ્યારે જ્યારે મળે પંગુને ઉદ્‌ગતિમયતા,
ત્યારે ત્યારે પિણ્ડ પિણ્ડ ઊભરાય સહજ પ્રભુમયતા!

અકળકળાના ખેલ ખલકના, દેવાના સૌ દાવ!
નહીં દીનતા, નહીં પલાયન, ખમવાના સૌ ઘાવ!
જ્યારે વિષમતા જ ધરે શિવ-અમૃતમયતા,
જ્યારે મૃણ્મયતા જ દાખવે સત્-ચિત્-મયતા,
ત્યારે અઢળક સ્રવે સકળમાં રંગસભર રસમયતા!

*29-07-2016*

## જય ગુજરાતી, જય ગુજરાત!

જ્યાં ગુજરાતી, ત્યાં ગુજરાત;
જય ગુજરાતી, જય ગુજરાત!
જેના હૈયે ભવ્યભારતી, વૈશ્વિકતા જેની વિખ્યાત!
એ ગુજરાતી, એ ગુજરાત!
જય ગુજરાતી, જય ગુજરાત!

દરિયા જેવું દિલ છે જેનું;
શ્રી-સાહસમય શીલ છે જેનું;
મહાજનોના પગલે દીપે માનવતાનું મંદિર જેનું;
સત્ય, પ્રેમ, કરુણાના તત્ત્વે મૂળ-કૂળ જેનાં અભિજાત;
સૌમાં મીઠાશ ભરતી સાકર સરખી જેની જાત;
એ ગુજરાતી, એ ગુજરાત!
જય ગુજરાતી, જય ગુજરાત!

વિનય-વિવેકે સૌને નમવું;
દિલાવરીથી સૌને ગમવું;
જીવનની ચોપાટે ખેલદિલીથી જેનું રમવું;
નીલી-લીલી પાંખે કુદરત સદા કરે જેને રળિયાત;
વીર-સંતના પરમ પ્રસાદે વંદનીય છે જે સાક્ષાત્;
એ ગુજરાતી, એ ગુજરાત!
જય ગુજરાતી, જય ગુજરાત!

## તું આવે તો

તું આવે તો કોઈ ફાલતું કામ નહીં હું કરું;
તું ચાહે ના ચાહે, હું તો તારી પાછળ ફરું.

ઘણો વખત મેં દૂર રહીને તારી વાતો સુણી;
હવે નિકટતા ખરી સાંપડી, રહું કેમ હું ઊણી?
હરેક પગલે તારાથી હું મનખો મારો ભરું!

તારે પનઘટ પ્હોંચી છું તો કેમ રહે ઘટ ખાલી?
મેં તો તારી પાછળ પાછળ ગાયો મારી વાળી;
આ મારી માટીમાં તારો ઉછેરાય છે ધરુ!

*જન્માષ્ટમી 12-08-2020*

## તું, કેમ ન રહે કહ્યામાં?

તું, કેમ ન રહે કહ્યામાં?
સાચ પુકારે તને, કેમ તું આળસ કરે જવામાં? –

ડુંગરને તું પૂજવા દોડે, ઉંબરને અવગણે!
ખોટું કરતી મત તારી ના ખરો દાખલો ગણે!
તું જ ચંદ્ર થઈ ડરશે દેખી ભરતીને દરિયામાં?!
શું તેજ તટે રહેવામાં? –

સૂરજ ઊગતાંવેંત જ આંખે ઘારણ ઘણું ચડે છે!
જીવ કમળનો તું, કાદવમાં ખૂંપી કેમ સડે છે?
પરિમલ થઈને કેમ ન પ્રસરે ખુલ્લી અહીં હવામાં?
તું, ફક્કડ થા ફરવામાં! –

વૃક્ષ જેમ આ માટીમાં શું ખોડાયેલ તું રહેશે?
ફાલીફૂલી ફળવાનું તું ક્યારે માથે લેશે?
બંધિયાર થઈ બગડ નહીં; ચલ, દોડ, નાચ ઝરણામાં!
ખરી અહીં રંગત છે રમવામાં! –

*29-11-2016*
*06-12-2016*

## તું જો મારી પડખે...

તું જો મારી પડખે, શાને ભવમાં ભૂલો પડું?
તારી શીળી છાંય મળે તો કેમ સૂરજને વઢું? –

રંગ-રૂપનાં વાદળ તારાં મારે લોચન તરે;
સૂર-શબદની ઝરમર તારી મને ભીંજવ્યાં કરે;
તેં રઢિયાળો ડુંગર દીધો, કેમ પછી નહીં ચઢું? –

કેટકેટલાં સપનાં ઝગમગ ચિદાકાશના પટમાં;
પુષ્પોનો પમરાટ પ્રાણમાં, ગુંજારવ શો ઘટમાં!
તેં દીધું મેદાન મોકળું, કેમ કોઈને નડું? –

ચંદનભીનાં ચાંદરણાંની શીળપ રૂડી લાગે!
મોજે મોજે મોતી, એની છાલક મનને વાગે!
જે જે મારું તે તે તારા પગલે પગલે જડ્યું! –

*24-08-2017*

## તું મારા ખેતરનો સ્વામી

તું મારા ખેતરનો સ્વામી, તારો હું તો દાસ;
તારા કોશે જોડાયેલો માન મને તું ખાસ.

તારા હળની ખેડે કેવા હસે ખેતરે ચાસ!
તારી સાથે રહીને પામું શીળી છાયેં હાશ!

તાજપથી તરબરતો તારો હવા મહીં શો શ્વાસ!
જ્યાં જ્યાં ઉઘાડ ત્યાં ત્યાં તારો નરવો પ્રગટ ઉજાશ!

તું ખોલે જો મુઠ્ઠી, ખૂલે ધરતી ને આકાશ!
મનખાની માટીનો કેવો ઊભરાતો ઉલ્લાસ!

ખુલ્લે હાથે, ખુલ્લા હૈયે, આમ રહે જો પાસ;
તારી લીલામયતાનો શો થાય લીલોછમ ભાસ!

## દીવે દીવે દીપ્ત દિવાળી

તેજ-પગલિયે ઘરે ઘરે આવીને દીવા કરે દિવાળી;
જેમ વાદળે વીજ, સકળમાં એમ ચમકતી સરે દિવાળી. –

ગહન ગેબની ગુહા મહીંથી મશાલનાં દળ આવે,
અંધકારની ગલીએ ગલીએ તેજમાળ પ્રગટાવે;
શ્યામ-લ જમનાજળે તેજપરપોટે તગતગ તરે દિવાળી. –

જેમ શામળો ગિરિરાજ ગોરસથી ઊજળો દીપે,
અમાસનાં મુક્તાફળ જેવાં ઝગમગ ધરતી-સીપે,
એવાં ઝળાંઝળાં નયનોમાં નેહે નર્તન કરે દિવાળી! –

શ્યામ-રસે રાધાની જેવી રોનક નવી ઊઘડતી,
ભીલ-કન્યા તે શ્યામ દીપિકા જેમ શિવે સંચરતી,
એમ દૈવતે બત્રીસ કોઠા ઝળહળાવતી ફરે દિવાળી!
દીવે દીવે દીપ્ત દિવાળી!
દેવે દેવે દેવદિવાળી!

*04-09-2017*

## નીકળ્યો'તો હું શબ્દ લઈ...

નીકળ્યો'તો હું શબ્દ લઈ પણ શબ્દાતીતમાં વળ્યો!
ભીતરમાં જે રાઈ સમો કણ તે મેરુમાં મળ્યો!

હૃદય મહીં જે ધબક્યું, ગાજ્યું ગગનમંડળે ઘેરું;
નજર નહીં જે ચમક્યું, ઝગમગ સૌરમંડળે હેર્યું;
એક કલમના જાદુથી જીવ જંગલનો ઝળહળ્યો! –

સૂર થકી જે સર્યું, રાગ થઈ રમી રહ્યું રગ રગમાં;
એક તારથી રણઝણ વ્યાપી જંતરના અંતરમાં; એક
બિન્દુના બળે દેશ દરિયાનો છલબલ છલ્યો! –

એક સાચનું ડગલું ને દરવાજા બધાય ખૂલ્યા!
પ્રભુને પ્રેમ-પ્રસાદ ધરાના પુષ્પ પ્રાણ પ્રફુલ્યા!
એક વ્હાલનો શબદ વાવતાં મનખો મીઠો ફળ્યો! –

*30-06-2015*

## પરમ પ્રેમનું મૂળ!

પથ્થર લઈને ભલે આવ તું, માનીશ એને ફૂલ;
આવી બાવળ ભલે વાવ તું, માનીશ રમ્ય બકુલ!

વાદળ તારાં, વીજળી તારી, તારો છે વરસાદ;
એને ઝીલતાં આ માટીનો મઘમઘશે ઉન્માદ!
તારું ટીપેટીપું મારું મોતી થશે અમૂલ;
તારું પગલેપગલું કરશે મારો પંથ પ્રફુલ્લ!

ભલે હોય અંધારપછેડો, મારે ઘેર પધાર;
દીવા સરખું ઘર ઝળહળશે, ઓસરશે અંધાર!
તારા મીઠા મૌન-શબદમાં મન મારું મશગૂલ
છાયા તારી, માયા મારી, પરમ પ્રેમનું મૂળ!

*20-07-2017*

## પ્રભુનો કેવો હશે અવાજ?

પ્રભુનો કેવો હશે અવાજ?
જેના અંતરનાદે સૌની અંદર બાજે સાજ,
પ્રભુનો મંગળ તહીં અવાજ!

ફૂલ ફૂલની આંખે આંખે,
પતંગિયાંની પાંખે પાંખે,
આમ્રતરુની સાખે સાખે,
રંગ-સુવાસે મૌને જેનો હરદમ ચલે રિયાજ,
પ્રભુનો મધુમય તહીં અવાજ!

કુંજ કુંજના કલકૂજનમાં,
શૈલ શૈલના ઘન-ગર્જનમાં,
સરવર લહર લહર સ્પંદનમાં,
સતના તાલે તાલે જ્યારે નર્તે શિવ મહારાજ,
પ્રભુનો અમિયલ ઊઠે અવાજ!
શૈશવનાં રમતીલાં નિર્મળ,
યૌવનનાં મદમસ્ત કસુંબલ,
શાન્તશીતલ વડપણનાં વત્સલ
જીવનજંતરમાંથી જ્યારે ખૂલવા માંડે રાઝ,
પ્રભુનો ગુંજે તહીં અવાજ!

*22-06-2018*

## માથે એક સિતારો

બનું નિરીક્ષક, બનું સમીક્ષક, બનું પરીક્ષક મારો;
તો જ મને સમજાશે હિસાબ અહીં આવ્યાનો સારો!

પંથ પકડતાં પ્હેલાં મારાં પગ-પગલાં તો પરખું; –
ઠોકરથી પણ શીખવું મારે કેમ ચાલવું સરખું;
એક ભોમિયો ભીતર, એનો સદા મને સથવારો!

દરિયા ભલે ઉછાળે મોજાં, એ શું મને ડુબાડે?
મારી હોડી એવી, જેમાં દરિયા ડૂબવા માંડે!
એક સુકાની તૂફાન સામે અણનમ તરાવનારો! –

શ્વાસ ખૂટે ને નાડી તૂટે, કપરાં ચઢાણ એવાં;
તોય નભે પૂગવાનાં સપનાં સેવું સોના જેવાં!
સતત મને સધિયારો દેતો અંદર એક સિતારો! –

*28-08-2018*

## ગાંધી ગાંધી ગાંધી

ભારતને જોવાનું થાનકઃ ગાંધી ગાંધી ગાંધી!
રાષ્ટ્રપ્રેમની દે જે ચાનક ગાંધી ગાંધી ગાંધી!

સૌને રોટી-મકાન-કપડાં – એ ગાંધીનું કામ;
કહ્યું બધાંનેઃ સત્ય-અહિંસા – ત્યાં જ આપણા રામ!
સત્ય-પ્રેમ-કરુણાથી જાશે આધિ-વ્યાધિ-ઉપાધિ,
રચનાત્મક પથ તણા પ્રવર્તક ગાંધી ગાંધી ગાંધી!

એક સુદર્શન ચક્ર કૃષ્ણનું, ધર્મચક્ર ગૌતમનું,
ચક્રવર્તી ચરખાથી ગાંધી, હૈયે હિત સૌ જનનુંઃ
સ્વતંત્રતા, સમતા, બંધુતા – સરહદ એની બાંધીઃ
સેવાગ્રામ તણા જે સર્જક – ગાંધી ગાંધી ગાંધી! –

એક મોહને ગુજરાતે જો અઠે દ્વારકા કીધી,
અન્ય મોહને દિલ્હી-દ્વારે પ્રાણ-આહુતિ દીધીઃ
માનવતાના ધર્મકર્મમાં જેની શાન્ત સમાધિ,
"મંગળ પ્રભાત"ના જે દર્શક – ગાંધી ગાંધી ગાંધી! –

*22-01-2016*

## મને બસ, ગમે!

ભરતીમાં ભળવાનું મનને ગમે!
મસ્તીમાં મળવાનું સૌને ગમે!

ભીડભાડમાં હોય ભલે રહેવાનું;
પણ મારે તો ભીતર ઊતરવાનું,
પરમ શાન્તિનો પામી મધુમય સ્વાદ,
લિજ્જત-લ્હેરે લળવાનું બસ, ગમે!

જ્યારે તાવે ધોમ-ધખી એકલતા;
અડે ઊંડાણે સુખડ સમી શીતલતા,
પરમ સુરતાનો સાધી સંવાદ,
સ્વર-લય ઢાળે ઢળવાનું બસ, ગમે!

અંધ દિશા ને પગલે પથ કાંટાળો,
ત્યાંથી મેં તો મને જ પાછો વાળ્યો,
પરમ ચેતનારસનો જ્યાં વરસાદ,
અણુએ અણુ બસ પ્રફુલ્લવાનું ગમે!

*15-09-2021*

## એવો ચાહું અમલ

મને કશું નહીં ફાવે, ફાવે સહજ સાચનો સ્વાદ;
બાકી બધુંય ફિક્કું, ફક્કડ પ્રીતનો પરમ પ્રસાદ!

ઘણા રંગ છે, ઘણાં રૂપ છે, ઘણા ઢંગ ને ઢાળા;
ખાટા-મીઠા-ખારા-કડવા જાતજાતના પ્યાલા!
સૌના પાને પ્રફુલ્લ મનને મૂળની આવે યાદ! – મને૦

સૂરજ ઊગે એમ આથમે, ચલે રાતદી રમણા;
સતત સમયના તાલે તાલે પડ ભેદાય ભીતરનાં;
ઘટ ઘટ પ્યાસા જાગે, આવે પનઘટથી જો સાદ! – મને૦

દીપ સ્વપનના ઝળહળતા જે, થકવી દિયે નયનને!
દર્પણની દુનિયા જે તે તો મૃગજળ સીંચે મનને!
એવો ચાહું અમલ અસલનો, થાય ફાલતુ બાદ! – મને૦

*14-09-20215*
*08-10-2015*

## મારું પંડ હરામી!

મારું પંડ હરામી!
પોતે કશું ન કરવું ફરવું લેવા બધે સલામી! –

ચરણ ચલાવ્યા વગર પુણ્ય રળવું જાતરનું;
હાથ હલાવ્યા વગર પામવું ફળ તરુવરનું;
વિણ સેવા, વિણ સેવક, એણે થવું સકળના સ્વામી! –

સુસ્તીમાં રહીને મસ્તીના મોદક એણે ખાવા;
કાદવની કોઠી ધોવાના લેવા એણે લ્હાવા;
રોગ-ભોગની ભલી સદી ગઈ એને ગરજગુલામી! –

શેઠ બની બેસીને સૌની પાસે વેઠ કરાવે;
ખાલી પેટે અનેક પાસે એ વાજાં વગડાવે;
એને અંગેઅંગ આળસે હિમશિલાઓ જામી! –

*18-06-2017*

## "આવ" નહીં ક્હેતું?

મારા કાંટા મને જ વાગે, છતાં કેમ નહીં ચેતું?
મન મારું શબરીનું, ખાટાં બોર કેમ તે લેતું? –

જ્યાં દેખો ત્યાં જાળાં એવું બંધિયાર ઘર મારું,
અંધ થાય દીવો એવું છે ગાઢું ઘન અંધારું!
કેમ ગગનનું મન સંકેલી પંખ પિંજરું સ્હેતું? –

આડાઅવળા રસ્તા, ઠારે એવું ઠામ મળે ના;
ફળ તો મળતાં મળશે, અહીંના મૂળનો સડો ટળે ના;
મેરુ માથે પગ મૂકવો, મન તળિયે તરતું રહેતું! –

ક્યાં છે મારું કમળ? કાદવે કેમ રહું બંધાતો?
સૂરજને શું નથી ઊગવું? કેમ રહે સંતાતો!
જેની હદમાં પડી જાય પગ, "આવ" કેમ ના ક્હેતું? –

*17-07-2017*

## મારો મને જ ખૂબ લાગતો ભાર

મારો મને જ ખૂબ લાગતો ભાર, કેમ હું ચાલું?
ડગલે પગલે કંટક ને કંથાર, કેમ હું મ્હાલું?

મારી આગળ પથ્થર તે પણ પ્હાડ, કેમ એ ટાળું?
આંખો આગળ અંધકારની આડ, કેમ રે ભાળું?

આવે સુક્કાં હથેલીઓમાં પાન, કેટલાં બાળું?
વંટોળાતું અંતરમાં વેરાન, કેમ એ ખાળું?

ગાડરને, હું ગાયોનો ગોવાળ, કેમ રે પાળું?
મારા ઘરમાં પેઠો લાગે વ્યાલ, કેમ એ ઝાલું?

કશું ન અટકે-છટકે એવે ઢાળ મને શું ઢાળું?
જે પંખીને ગમે ન મારી ડાળ, પરત શું વાળું?

હરતાં ફરતાં ઘણાંય દેખું દ્વાર, બધાંને તાળું!
જીવતર જાણ્યું જોખમની જંજાળ, છતાંયે વ્હાલું!

*02-02-2017*
*05-09-2017*

## મારામાં તું રહે છતાંયે...

મારામાં તું રહે છતાંયે મળવાનું નહીં થાય!
ઘરમાં દીવા, છતાંય મારું અંધારું નહીં જાય! –

તું મારામાં, તોયે શાને મને એકલું લાગે?
તારું સદા રખોપું, તોયે ભય ના મારો ભાગે!
તું તો વરસે અઢળક, મારો ઘટ આ નહીં ભરાય! –

તારે સુણવું હોય નહીં તો શાને મારે ગાવું?
તારે જોવું હોય નહીં તો શાને મને સજાવું?
ચિદાકાશનો ચાંદ ભલે તું, પૂનમ ના પરખાય! –

શ્વાસે તારો શ્વાસ મળે ને તોય દૂરનો દૂર!
તારો સૂર ના મળે મને, હું મૂંગો ને મજબૂર!
મારા માથે તારું છત્તર, છતાં મળે નહીં છાંય! –

*23-06-2016*

## મારો મને જ ત્રાસ!

મારો મને જ ત્રાસ!
ખુલ્લાપણની વાતોનાં બહુ વડાં તળીને
કરતો રહું છું તંગ બધાયે પાશ! –

લાખ લાખ ઝગમગતી આંખો, છતાં ગગન છે અંધ;
આંખોએ જ્યાં કમાડ ભીડ્યાં, બધાય સૂરજ બંધ!
સૌને ઉડાવનારો તે હું, કરું પિંજરે વાસ! –

વાદળ લઈને ફર્યો તોય ના હરી કોઈની પ્યાસ;
જીવ ઝાંઝવાનો હું, મારે ક્યાંથી હોય ભીનાશ?
સ્વાતિ સાથે મેળ નહીં ને મુક્તાફળની આશ! –

આડેધડ ખેતર ખેડ્યાં પણ નથી વવાયાં બીજ!
ખળાં ખખડવા માંડે ખાલી, ખુદ પર કાઢું ખીજ!
ચાંદરણાં ચીતરું ચંદનનાં, ભીતર ભડભડ શ્વાસ! –

*07-01-2017*
*04-09-2017*

## આથમવાના ટાણે

માંડ મળેલું જીવતર લાગે ખારું ખારું શાને?
કોણ મથે છે મારા જૂના ઘા તાજા કરવાને? –

રણની વાટે ચાલ્યા, આંખે રેતકણો શા ખૂંચ્યા!
થુવેર-કાંટા રૂંવે રૂંવે રક્તે ઝીણું દૂઝ્યા!
ક્યાંથી આવી અગન સમી લૂ આથમવાના ટાણે? –

અનેક દર્પણ, નહીં કોઈએ અસલી રૂપ બતાવ્યું;
જેને ઘરમાં પધરાવી મેં, એને ઘર નહીં ફાવ્યું!
એકલતા બેતાબ કેમ છે પડછાયો બનવાને? –

કોઈ ચઢાવે અવળા આંટા મારા રહ્યા સમયને;
ઊંડી ખીણો, ઊંચા પ્હાડો નથી અનુકૂળ વયને;
કોણ ચહે ઓલવવા મારા એક બચ્યા દીવાને? –

## પ્હેલા... પછી...

મુખને માટે પ્હેલું ભોજન,
ગાણા પછી ગવાશે;
કૌવત પૂરું રહો ચરણમાં,
જાતર પછી જવાશે.

રહો નહીં અંધાર કૂબામાં,
પછી આરતી થાશે;
પહેલું પ્હોંચે જળ તરસ્યાને,
હોજે પછી તરાશે.

ફૂલ થયાં છે ફળના માટે,
ગજરા પછી ગૂંથાશે;
છાજ-છાપરાં રચાય પહેલાં,
છત્તર પછી રચાશે.

લાજ ઢાંકતાં વસ્તર પ્હેલાં,
વાઘા પછી વણાશે;
પ્હેલાં રાખો ખેતર રૂડાં,
બાગ પછીથી થાશે.

જમનારા જગલાને છોડો,
ભગલો રાખો પાસે;
ભાર ફગાવી દો 'હું' પદનો,
હળવા થઈ મળાશે.

## રહો તમે બસ, એના શરણે

રહો તમે બસ, એના શરણે,
નહીં કશુંયે માંગો;
જે જે એને હોય ન ગમતું
તે તે સત્વર ત્યાગો.

એક અનોખી દુનિયા એની,
રાખ્યા એમાં તમને;
એનાથી શું અલગ થવાનું
કલ્પી શકાય સમણે?
સત્તા સૌ પર એની, સમજો
સૌ પરનો જે લાગો.

એની પ્રસન્નતા જીવતરને
પર્વ બનાવી રહેશે;
સારપ ને સાચપનાં પગલાં
એનાં દર્શન દેશે;
સમય થયો મળવાનો એનો
અંદર ડંકો વાગ્યો!

*જન્માષ્ટમી*
*04-10-2020*
*09-12-2021*

## મેં ના કશુંય માગ્યું

રંક થઈને કદી કોઈનું મેં ના કશુંય માગ્યું;
ગુરુકૃપાએ ગરુડ થયો એ ગૌરવ મેં ના ત્યાગ્યું! –

હરિકૃપાએ મળ્યા હાથની મુઠ્ઠી નથી જ વાળી;
હથેલીઓ ફેલાવી એમાં લાચારી નહીં ઢાળી;
સપનામાંયે ભીખનું હાંલ્લું જો ભાળ્યું તો ભાંગ્યું! –

સામાની હદ સદા સાચવી, નિજની હદ છોડી ના;
શ્વાન જેમ બે ટુકડા માટે લાળ મુખે પાડી ના;
જેની મારે જરૂર તે સામેથી આવી લાગ્યું! –

*21-06-2016*
*01-07-2016*

## કેસરિયું કલકલવું

સાકર ને દૂધ મળે, આપણે એમ સકળને મળવું;
એ ફાગણ થઈ ફરવું, જેમાં ફૂલને ફાવે ફળવું.

મુઠ્ઠી જો છુટ્ટી કરીએ તો કેટકેટલું કોળે!
ખુલ્લું ઘર જો હોય, દિશાઓ આવી દૈવત ઢોળે!
રસ્તા રૂડા થાય, વ્હાલના વળાંક દેખી વળવું.

કાંઠા છોડી ડૂબકી દઈએ તો દરિયો દે મોતી;
હોઠ અગનના એમ ચૂમીએ પ્રગટે વાટે જ્યોતિ!
સાત રંગને કાજ સૂરજને વાદળ આગળ ઢળવું.

પિંજર ખૂલતાં પંખી ઊડતાં અંબર ટહુકે અંદર;
કાયાની માયા છૂટતાં તો ઝાઝું ઝણકે જંતર!
શબદ શબદમાં મૌન ઘૂંટાતાં કેસરિયું કલકલવું!

*11-06-2018*
*04-09-2018*

## સુંદર છે આ સમય

સુંદર છે આ સમય, સકળને કહીએ રામ રામ,
ગગન ધરાને મળે એમ રાધાને શ્યામ શ્યામ! –

દિન જો સોનાના સૂરજનો,
રાત રજતનો ચાંદ!
તમસ-તરુના તારલિયાથી
તગતગ પાંદેપાંદ!
દશે દિશાનો રાસ હવે તો અંતરમાં અભિરામ? –

મીઠી સોડમ માટીની ને,
જળનો અમિયલ સ્પર્શ!
હવા મહીં લહેરાય હેતની
ફરફર આજ સહર્ષ!
દિલ ખોલી દીવા કરવાનું દેવે દીધું કામ! –

*24-06-2019*

## હરિ હોય છે હૈયે

હરિ હોય છે હૈયે, એથી
રહે શાંતિ ને સુખ;
હરિ હોય છે રમતા હૈયે,
દમે ન કોઈ દુઃખ.

રણ-વન-ડુંગર-દરિયે એના
મુક્ત ઉપરણા ફરકે!
ગગને ગ્રહ-તારામાં એના
અલંકાર શા ચમકે!
એનું પલ પલ કણ કણ કેવું
છાનું મલકે મુખ!

એના હાથ અડકતાં ઘટમાં
થનગન ઘોડા ઊપડે!
એના પગલે પગલે રૂડા
રાહ ભીતરે ઊઘડે!
એનો સ્વભાવ-પ્રભાવ કેવો
કરતો અંતરમુખ!

*12-12-2021*

## હું તો તારી સાથ રહું છું

હું તો તારી સાથ રહું છું, ક્યાંથી ભૂલો પડું?
સદાય મારી અંદર તું છે, કેમ એકલો પડું?

જ્યાં જ્યાં પગલાં માંડું ત્યાં ત્યાં તારો પુણ્યપ્રદેશ;
અલગ અલગ છો વેશ, બધામાં તારો લ્હેરે ખેસ!
'હું' 'હું' કરતો ફરું એટલે હું જ મને બહુ નડું! –

કેટકેટલા અવાજ! એમાં તારું મૌન સુણાય;
કેટકેટલાં રંગરૂપ! તું એમાં ક્યાં સંતાય?
જેમ જેમ ખોળતો ચાલુ, તેમ તેમ હું જડું! –

દરિયાથીયે ઊંડેરો તું, ઊંચેરો ડુંગરથી!
વામન થઈને મારા ઘરમાં ભલો રમે તું રસથી!
હું તો તારી ધજા, કયા મંદિરના માથે ચડું? –

*11-09-2018*

## હું તો તારું એક રમકડું

હું તો તારું એક રમકડું સદા રમતમાં રહું;
જે જે મને સુઝાડે તે તે સૌને મૌને કહું!

રસ્તા તારા, પગલાં મારાં, એથી બધે જવાતું;
જે જે તારા મનમાં ઊઠે એ જ અહીં પડઘાતું!
તારા દરિયે મળવા-ભળવા નદીએ નદીએ વહું!

ક્યાંક બાજતી બંસી, લાગે મધુવન મનમાં ગાતું;
જમુનાજલમાં મારું જાણે નીલ ગગન લહેરાતું;
મન ફાવે ત્યારે તું પજવે, તને કેટલો સહું!

હવા મહીં હળવેથી ઊડતો તારો અડે ઉપરણો;
મારા ગહન મહીં ગુંજરતો રવ તારા જંતરનો;
તારી આગળ દૂર દૂરનું પાસ આવતું લહું!

રમનારો પણ રમત થાયઃ છે તારો ખેલ અનોખો;
તારાથી શું મારા 'હું'ને કરી શકાશે નોખો?
શ્વાસે શ્વાસે પ્રાસે પ્રાસે તને બાંધતો રહું.

*27-08-2020*